આપણું ગુજરાત....આપણું અખબાર....
RNI. NO. GUJGUJ/2017/73873

# ઉદય ગુજરાત

UDAY GUJARAT
સોમવાર,તા.૦૯ જાન્યુઆરી,૨૦૨૩
Printed, published and owner : Talati Ramesh Nanjibhai Editor : Shah Sumesh Shirishkumar કુલ પાના-04 • કિંમત ₹2.00 • વર્ષ-06 • અંક -276




## અમદાવાદમાં પતંગબાજોની ફોજ ઊતરી

### રિવરફ્રન્ટ પર આકાશમાં ઊડ્યા જોકર, ચામાચીડિયાં, પંખી આકારના પતંગ પવનમાં ચગ્યા



અમદાવાદ,તા.૮

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલને મુખ્યમંત્રી હસ્તે આજરોજથી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ૨૦૨૩નો આ કાઈટ ફેસ્ટિવલ જી-૨૦ સમિટની થીમ પર આધારિત છે અને આજથી ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે. આ પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના પતંગબાજો ભારે ઉત્સાહ સાથે જોડાયા છે. અંદાજિત ૫૬ દેશના પતંગબાજોએ કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લીધો છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પરેડનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આ વર્ષે એક નવો રેકોર્ડ સર્જવા કવાયત હાથ ધરવામાં આવી છે.

કોરોના કાળના બે વર્ષ બાદ આજથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ થયો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કાઈટ ફેસ્ટિવલનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આજે ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી ચાલનારા આ કાઈટ ફેસ્ટિવલમાં ૫૬ દેશોના ૧૫૦ થી વધુ પતંગબાજો ભાગ લેવાના છે. આજે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં વિદેશી પતંગબાજો રિવરફ્રન્ટ પર પહોંચ્યા હતા. વિવિધ પ્રકારના પતંગોનો આકાશી નજારો જોવા મળ્યો હતો.

બેલારુસ દેશથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેવા આવેલાં એન્જલિકાએ જણાવ્યું હતું કે, આ મારો બીજો પતંગ મહોત્સવ છે. અમે પક્ષીઓની થીમ ઉપર પતંગ બનાવ્યો છે. હું બેલારુસ દેશને આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલમાં રિપ્રેઝન્ટ કરું છું. સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનારા કાઈટ ફેસ્ટિવલ એક વર્લ્ડ રેકોર્ડ બનવા જઈ રહ્યો છે. ૫૬ દેશોના ૧૫૦ પતંગબાજો ઉપરાંત ભારતનાં ૧૪ રાજ્યોમાંથી ૬૫ પતંગબાજો પણ ભાગ લેશે. આ પતંગબાજો ગુજરાતનાં વડોદરા, વડનગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, દ્વારકા, સુરત, સોમનાથ, રાજકોટ, ધોલેરા, સફેદ રણ અને અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે પરફોર્મ કરશે. પતંગોનો ઈતિહાસ પણ આયોજિત સ્થળો પર પ્રદર્શિત થશે. ગુજરાતમાં જી-૨૦ની ઘણી બેઠકો યોજાવા જઈ રહી છે, ત્યારે કાઈટ ફેસ્ટિવલને જી-૨૦ થીમ સાથે જોડવામાં આવ્યો છે. ૮થી ૧૪ જાન્યુઆરી સુધી ચાલનારા કાઈટ ફેસ્ટિવલમાં યુકે, સાઉથ કોરિયા, ન્યુઝીલેન્ડ, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા સહિતના ૫૬ દેશોના પતંગો પણ પ્રદર્શિત કરવામાં આવશે અને પતંગના સદીઓ જૂના ઈતિહાસને પણ જીવંત બતાવવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩માં વિશેષ રીતે થીમ આધારિત વિવિધ સ્ટોલ્સ પણ બનાવવામાં આવ્યા છે. પતંગનો ભાતીગળ ઈતિહાસ દર્શાવતું થીમ પેવેલિયન અને પતંગ માટેના વર્કશોપ પણ બનાવવામાં આવ્યાં છે. રાજ્યના હસ્તકલાના કારીગરોને ઘરઆંગણે જ પોતાના હાથે બનાવેલી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકે તે હેતુથી હસ્તકલા બજારમાં ૫૦ સ્ટોલ અને ખાણીપીણીના ૨૫ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા છે. આ સાથે દરરોજ સાંજે ૭થી ૯ કલાક સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

ંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના આયોજન થકી રાજ્યમાં દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રવાસન વિભાગના આ પ્રકારના આયોજનથી સ્થાનિક સ્તરે રોજગારીની તકોનું સર્જન થયું છે, પરિણામે અર્થતંત્ર પણ મજબૂત બન્યું છે. પ્રવાસન સાથે જોડાયેલાં લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. જેના લીધે લોકોના જીવનધોરણના સ્તરમાં પણ વધારો થયો છે.

૫૩ દેશોના ૧૨૬ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લેશે જેમાં અલ્જિરિયા, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બહેરિન, બેલારુસ, બેલ્જિયમ, બલ્ગેરિયા, કંબોડિયા, કેમેરૂન, કેનેડા, ચીલી, કોલંબિયા, કોસ્ટા રિકા, ડેન્માર્ક, એસ્ટોનિયા, ફ્રાન્સ, બોનેર, સિન્ટ યુસ્ટેટિયસ એન્ડ સબા (ફ્રાન્સ), જ્યોર્જિયા, જર્મની, ગ્રીસ, ઈન્ડોનેશિયા, ઈરાક, ઈઝરાયલ, જોર્ડન, લેબેનોન, લિથુઆનિયા, મલેશિયા, માલ્ટા, મોરિશિયસ, મેક્સિકો, મોરક્કો, નેપાળ, નેધરલેન્ડ્સ, ન્યૂઝીલેન્ડ, પેલેસ્ટાઈન, ફિલિપિન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રશિયા, સિંગાપોર, સ્લોવેનિયા, દક્ષિણ આફ્રિકા, સ્પેન, શ્રીલંકા, સ્વિત્ઝર્લેન્ડ, યુ.કે, ટ્યુનિશિયા, વિયતનામ, ઝિમ્બાબ્વે, ક્રોએશિયા, ઓમાન, સાઉદી અરેબિયા, ઈટાલી, ઈજિપ્ત વગેરે દેશોના સ્પર્ધકોએ પતંગ સ્પર્ધામાં ભાગ લીધો છે.

આ ઉપરાંત ૧૪ રાજ્યોના ૬૫ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લેશે તેમાં બિહાર, દિલ્હી, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, પુડુચેરી, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ સહિતનાં રાજ્યોના સ્પર્ધકો પતંગ સ્પર્ધામાં ભાગ લેશે. ગુજરાતના ૨૨ શહેરોના ૬૬૦ પતંગબાજો ભાગ લેશે

## સફળતા હાથોની રેખાઓથી નહીં પરંતુ સખત મહેનતથી મળે છે : શિવરાજ સિંહ ચૌહાણ

ઈંદોર,તા.૮

મધ્યપ્રદેશના સીએમ શિવરાજ સિંહે કહ્યું કે, સફળતા હાથની રેખાઓથી નહીં પરંતુ સખત મહેનતથી મળે છે. રવિવારે ઈન્દોરમાં પ્રવાસી ભારતીય સંમેલનના ઉદ્ઘાટન પ્રસંગે યુવાનોને સંબોધતા સીએમ શિવરાજ સિંહે કહ્યું કે, જો વ્યક્તિ સંકલ્પબદ્ધ હોય અને ઈચ્છે તો દુનિયા બદલી શકે છે.




પીએમ નરેન્દ્ર મોદીનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, જ્યારે તેમણે સ્વચ્છતાનું કામ હાથમાં લીધું તો દરેક લોકો તેમાં સામેલ થઈ ગયા. ઈન્દોરે તો સ્વચ્છતામાં સિક્સર ફટકારી દીધો છે. તેમણે કહ્યું કે, આજે પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ દુનિયાને રસ્તો બતાવી રહ્યો છે. વડા પ્રધાને 'મેક ઈન ઈન્ડિયા' કહ્યું તો બધી વસ્તુઓ ભારતમાં બનવા લાગી. ડિજિટલ ઈન્ડિયા દ્વારા વિશ્વનું ૪૦% ડિજિટલ પેમેન્ટ ભારતમાં થઈ રહ્યું છે અને સ્કિલ ઈન્ડિયા દ્વારા યુવાનોને કૌશલ્ય શીખવવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા અને ડિજિટલાઈઝેશનના ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, આજે દેશ આ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ઈનોવેશનની વ્યાખ્યા આપતાં સીએમ સિંહે કહ્યું કે, ઈનોવેશન એટલે મનમાં આવતા વિચારને અમલમાં મૂકવાનો. વિશ્વભરમાં વિવિધ ક્ષેત્રોમાં ભારતીય યુવાનોની સફળતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આજે ભારતના યુવાનો માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાનું કૌશલ્ય બતાવી રહ્યા છે. આ નવા ભારતનું ચિત્ર છે.

પ્રવાસી ભારતીય સમ્મેલનમાં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, મહાત્મા ગાંધી ૧૦૮ વર્ષ પહેલા દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતા. સમગ્ર વિશ્વમાં દર ૬ માંથી એક વ્યક્તિ ભારતીય છે. ભારતીય મૂળના લોકોએ વિદેશમાં વ્યવહારિકતા દર્શાવી છે. ભારતીય પ્રવાસી યુવાનોમાં વિશેષ અને અદ્વિતીય ગુણો છે. તેમણે યુવાનોને કહ્યું કે, ભારતીયતાનો સબંધ આપણને એકજૂથ કરે છે. આ લોહીનો સંબંધ આપણને એક કરે છે. તેમણે કહ્યું કે, તમે જેટલી વધુ ભારત ફરશો તેટલું જ તમે ભારતને જાણશો. મહાકાલ લોક અને ઓમકારેશ્વર મંદિરનો ઉલ્લેખ કરીને તેમણે ઈન્દોરના બુલિયન માર્કેટની મુલાકાત લેવા વિનંતી કરી હતી.

## દિલ્હીમાં ૧૦૦થી વધુ આફ્રિકનોએ પોલીસ સ્ટેશનને ઘેર્યું

### ઓફિસરો સાથે બાથ ભીડી સાથીઓને છોડાવીને લઈ ગયા

નવીદિલ્હી,તા.૮

દિલ્હીમાં શનિવારે રાત્રે એક અજીબોગરીબ ઘટના જોવા મળી હતી. જેમાં આફ્રિકન મૂળના ૩ નાગરિકોને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. ત્યારે ૧૦૦થી પણ વધુ આફ્રિકન મૂળના લોકોએ પોલીસ સ્ટેશનમાં જઈને પોતાના ૩ સાથીઓને પોલીસ સ્ટેશનમાંથી છોડાવવા માટે ઑફિસર્સથી લડ્યા હતા. અને પોતાના સાથીઓને છોડાવ્યા હતા. સાઉથ દિલ્હીમાં પોલીસે રાજુ પાર્ક વિસ્તારમાંથી ૩ આફ્રિકી નાગરિકોને પકડી લીધા હતા. કારણ કે તેઓના વિઝા એક્સપાયર થઈ ગયા હતા. છતાં તેઓ ભારતમાં રહેતા હતા.

રિપોર્ટ મુજબ, સાથીઓને છોડાવવા માટે ૧૦૦થી પણ વધુ આફ્રિકન નાગરિકોએ પોલીસ ચોકીને ઘેરી લીધી હતી. આ લોકોએ પોલીસ સાથે લડીને પોતાના સાથીઓને પોલીસની કસ્ટડીમાંથી છોડાવ્યા હતા. જોકે આ ૩ નાગરિકોમાંથી એકને પોલીસે ફરી પકડી લીધો હતો. પોલીસે આ મામલે લિગલ એક્શન લેવાની તૈયારી કરી લીધી છે.

જ્યારે તે ત્રણમાંથી એકને પકડ્યો હતો, ત્યારે ટોળું ફરીથી પોલીસ સ્ટેશને પહોંચ્યું હતું. જોકે પછીથી પોલીસે ત્રણ આરોપીઓમાંથી એક ફિલિપ નામના વ્યક્તિને ફરીથી પકડી લીધો હતો. આ પછી, નેબ સરાય પોલીસ સ્ટેશન અને નાર્કોટિક્સ સ્ક્વોડની ટીમે આ વિસ્તારમાંથી અન્ય ચાર લોકોની ધરપકડ કરી હતી. આફ્રિકન મૂળના ૧૦૦ લોકો ફરીથી પોલીસ સ્ટેશનમાં એકઠા થયા હતા, પરંતુ પોલીસ કોઈ રીતે પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળ રહી હતી. તેઓ હવે આ અંગે કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા છે.

## પૈસાના અભાવે શાળા છોડી, કેરળમાં બીડી બનાવવામાં બાળપણ વીત્યું, હવે અમેરિકામાં જજ બન્યા



વોશિંગ્ટન,તા.૮

એવું કહેવાય છે કે જો તમારો ઈરાદો સારો છે અને તમે સાચા સમર્પણ સાથે સખત મહેનત કરશો, તો તમને ચોક્કસપણે સફળતા મળશે. અમેરિકામાં સ્થાયી થયેલા કેરળના રહેવાસી સુરેન્દ્રન કે પટેલ આવું ઉદાહરણ બનીને સામે આવ્યા છે. તેમણે ફોર્ટ બેન્ડ કાઉન્ટી, ટેક્સાસમાં ૨૪૦મી ન્યાયિક જિલ્લા અદાલતના ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા. ૫૧ વર્ષીય સુરેન્દ્રન કે પટેલની સફળતાની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. પરંતુ તેણે દૃઢ નિશ્ચય, મહેનત અને ઈચ્છા શક્તિથી આ સ્થાન હાંસલ કર્યું છે.

સુરેન્દ્રન પટેલ ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં સીટીંગ જજને હરાવીને અમેરિકામાં જિલ્લા ન્યાયાધીશ બનનાર ભારતીય મૂળના પ્રથમ નિવાસી છે. ગરીબ મજૂર પરિવારમાં જન્મેલા સુરેન્દ્રનની સક્સેસ સ્ટોરી ફિલ્મ જેવી લાગે છે. તેની કારકિર્દી પર એક નજર કરીએ.

સુરેન્દ્રન કે પટેલનો જન્મ કેરળના કાસરગોડમાં રોજીંદી મજૂરી કરનારને ત્યાં થયો હતો. સુરેન્દ્રનનું બાળપણ અત્યંત ગરીબીમાં પસાર થયું. તે તેની બહેન સાથે બીડી બનાવતો હતો. ઘરની ખરાબ પરિસ્થિતિને કારણે તેણે ૧૦મા પછી અભ્યાસ છોડી દીધો અને પૂર્ણ સમય બીડીનો કામદાર બની ગયો. અભ્યાસમાં એક વર્ષના વિરામ બાદ તેણે ફરીથી અભ્યાસ શરૂ કર્યો. તેનું એડમિશન આઈકે નયનર મેમોરિયલ સરકારી કોલેજમાં થયું. આ પછી પણ તે આજીવિકા માટે બીડી બનાવતો હતો. જેના કારણે કોલેજમાં તેની હાજરી પુરી થઈ ન હતી અને તેને પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યો ન હતો. પરંતુ, આ પછી તેણે કોલેજના શિક્ષકો પાસે પરીક્ષામાં બેસવા માટે પરવાનગી માંગી.

સુરેન્દ્રન પટેલ કહે છે કે જો તેણે કોલેજના શિક્ષકોને કહ્યું હતું કે તે બીડી બનાવવાનો મજૂર છે. તેથી, શિક્ષકોને તેમના પ્રત્યે સહાનુભૂતિ હશે. આ વિશે વાત ન કરતાં તેણે શિક્ષકોને કહ્યું કે જો મને પરીક્ષામાં સારા માર્ક્સ નહીં મળે તો હું મારો અભ્યાસ છોડી દઈશ. જોકે જ્યારે પરિણામ આવ્યું ત્યારે તે ટોપર હતો. આ પછી, શિક્ષકોએ તેને ઘણો સાથ આપ્યો. આ કારણથી તેણે ગ્રેજ્યુએશનમાં પણ ટોપ કર્યું. સુરેન્દ્રન પટેલે વર્ષ ૧૯૯૫માં કાયદાની ડિગ્રી મેળવી અને એક વર્ષ પછી કેરળના હોસદુર્ગમાં પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું. તેમના કામથી તેમને ખ્યાતિ મળી. આ પછી તેણે નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટમાં કામ કરવાનું શરૂ કર્યું. સુરેન્દ્રનની પત્ની નર્સ હતી, જેને ૨૦૦૭માં અમેરિકાની એક પ્રખ્યાત હોસ્પિટલમાં નોકરી મળી હતી. સુરેન્દ્રન તેની પત્ની અને પુત્રી સાથે હ્યુટન રહેવા ગયા, પછી સુરેન્દ્રન પાસે નોકરી ન હતી. થોડા સમય પછી તેઓ ફરીથી અમેરિકામાં વકીલાતની દુનિયામાં પ્રવેશ્યા. આ માટે તેણે નવેસરથી અભ્યાસ પણ કર્યો. તેણે હ્યુસ્ટન લો સેન્ટર યુનિવર્સિટીમાં એલએલએમમાં એડમિશન લીધું. સારા માર્ક્સ સાથે પાસ થઈ અને ફરી વકીલ તરીકે કામ કરવા લાગ્યા.

## જાપાનને પાછળ છોડી ભારતે ઓટોમોબાઈલ માર્કેટમાં ઈતિહાસ રચ્યો!

નવીદિલ્હી,તા.૮

ગત વર્ષ ૨૦૨૨માં ભારતે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વર્ષ ૨૦૨૨માં ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયું છે. હાલમાં જ ઓટો માર્કેટ ઈન્ડસ્ટ્રી દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૨૨માં ભારતમાં કુલ ૪૨.૫ લાખ નવા વાહનોનું વેચાણ થયું છે. જ્યારે જાપાનમાં વર્ષ ૨૦૨૨ દરમિયાન વાહનોના કુલ ૪૨ લાખ યુનિટનું વેચાણ થયું છે. આવી સ્થિતિમાં, વર્ષ ૨૦૨૨માં ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓટો માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે.

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૨ના જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૪૧.૩ લાખ વાહનોની ડિલિવરી કરવામાં આવી હતી. તે જ સમયે, વર્ષના અંત સુધીમાં, આ આંકડો ૪૨.૫૦ લાખ સુધી પહોંચી ગયો હતો. દેશની સૌથી મોટી ઓટો સેક્ટરની કંપની મારુતિ સુઝુકીએ ડિસેમ્બરમાં તેના વાહનોના વેચાણના આંકડા જાહેર કર્યા છે. આ પછી જાણવા મળ્યું કે ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓટો માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે. જાપાન ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશને જણાવ્યું કે વર્ષ ૨૦૨૨માં જાપાનમાં વાહનોનું વેચાણ ઓછું રહ્યું છે. ગયા વર્ષે જાપાનમાં કુલ ૪૨ લાખ વાહનોનું વેચાણ થયું હતું, જે વર્ષ ૨૦૨૧ કરતાં ૫.૬ ટકા ઓછું છે.

ચીન વિશ્વનું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ છે. વર્ષ ૨૦૨૧માં ચીનમાં કુલ ૨.૬૨ કરોડ વાહનોનું વેચાણ થયું હતું. બીજા નંબર પર અમેરિકા હતું, જેમાં વર્ષ ૨૦૨૧માં કુલ ૧.૫૪ કરોડ વાહનોનું વેચાણ થયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૧માં જાપાનમાં કુલ ૪૪.૪ લાખ વાહનોનું વેચાણ થયું હતું. તમને જણાવી દઈએ કે જાપાન ઘણા વર્ષોથી એશિયાનું સૌથી મોટું ઓટો માર્કેટ છે. વર્ષ ૨૦૧૮માં જાપાનમાં કુલ ૪૦.૪ લાખ વાહનોનું વેચાણ થયું હતું. જ્યારે વર્ષ ૨૦૧૯માં કુલ ૪૦ લાખ વાહનોનું વેચાણ થયું હતું. વર્ષ ૨૦૨૦ માં, કોરોના રોગચાળાના પ્રથમ વર્ષમાં, ઓટો સેક્ટરને મોટો આંચકો લાગ્યો હતો અને જાપાનમાં વાહનોનું વેચાણ ૩૦ વર્ષથી ઓછું હતું.

## હિમાચલ: એક મહિનાની રસાકસી બાદ આખરે કેબિનેટનું ગઠન થયું

શિમલા,તા.૮

હિમાચલ પ્રદેશમાં આખરે એક મહિનાની રાહ જોયા બાદ કેબિનેટનું ગઠન થઈ ગયું છે. શિમલામાં રાજભવનમાં રવિવારે સવારે કેબિનેટ મંત્રીઓએ શપથ લીધા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, હિમાચલ રાજભવનમાં લગભગ ૧૦ વાગે કેબિનેટના મંત્રીઓએ શપથગ્રહણ કર્યા હતા. સૌથી પહેલા ડોક્ટર ધની રામ શાંડિલ્યે શપથ લીધા હતા. તેઓ સોલનથી ધારાસભ્ય બન્યા છે. ત્યાર બાદ કાંગડાના જ્વાલીથી ધારાસભ્ય ચંદ્ર કુમારે મંત્રી પદના શપથ લીધા હતા. તેઓ છ વાર ધારાસભ્ય રહ્યા છે. ત્યાર બાદ સિરમૌરથી શિલાઈ હર્ષવર્ધને શપથ લીધા હતા. ચોથા નંબર પર જગત સિંહ નેગીએ મંત્રી પદના શપથ લીધા હતા. ત્યાર બાદ શિમલાથી ઝુબ્બલ કોટખાઈથી રોહિત ઠાકુરનો નંબર હતો. તેમના નામની જાહેરાત થતાં જ હોલમાં તાળીઓ વાગી હતી.

# એનસીસી ગુજરાત દ્વારા આત્મ નિર્ભર ભારત કા સફર સ્વાવલંબન કી ઓર શિર્ષક હેઠળ યોજાયેલ સાયકલ રેલીનું આણંદ અમૂલ ખાતે સ્વાગત



**ઉદય ગુજરાત.આણંદ**

અમદાવાદ સાબરમતી આશ્રમ ખાતેથી એનસીસી ગુજરાત દ્વારા યોજાયેલી સાયકલ રેલીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધીની યાત્રા માટે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. એન.સી.સી તરીકે નેશનલ કેડેટ કોરના ૭૫ ગૌરવપૂર્ણ વર્ષોની યાદમાં અને આત્મ નિર્ભર ભારત કા સફર સ્વાવલંબન કી ઓર શીર્ષકને ચરિતાર્થ કરવા આરંભાયેલ આ સાયકલ રેલીનુ આણંદ અમૂલ ડેરી ખાતે આગમન થયુ હતુ.

અમૂલની મુલાકાત દરમિયાન આ રેલીમાં સવાર યુવક-યુવતીઓનું સહર્ષ સ્વાગત કરવામાં આવ્યુ અને તમામને અમૂલ ડેરીની મુલાકાત કરાવતા અમૂલની કાર્યપ્રણાલી અને વિવિધ વિભાગોની જાણકારી આપવામા આવી હતી. ત્યાર બાદ સાયકલ વીરો અમૂલ ડેરી ખાતેના સરદાર પટેલ ઓડિટોરિયમ હોલ ખાતે પહોંચ્યા હતા. જયાં વલ્લભ વિદ્યાનગરના ગૃપ કમાન્ડર બ્રિગેડિયર આશિષ રંજન તેમજ ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડીરેકટર આર. એસ. સોઢીની ઉપસ્થિતિમાં સાયકલ વીરોને સત્કારવામાં આવ્યા હતા.

આ દરમિયાન ગૃપ કમાન્ડર બ્રિગેડિયર આશિષ રંજન એ પ્રાસંગીક પ્રવચન કરતા જાણાવ્યુ હતુ કે આત્મનિર્ભર ભારતથી સ્વાવલંબી ભારત બનવાની આ સફર ની સંકલ્પબદ્ધતા થકી જે સોલ્ટ થી સોફ્ટવેરના સૂત્રને આપણે સૌ ઉત્સાહ્ભેર ચરિતાર્થ કરવા જઈ રહ્યા છીએ તે જોતા અને તેના ભાગરૂપે અત્રે અમૂલ ડેરીએ ઉપસ્થિત રહેતા ગૌરવની લાગણી અનુભવાય છે. વધુમા રંજને વર્ષ ૧૯૪૮ માં એનસીસી અસ્તિત્વમા આવ્યા બાદથી આજે એનસીસી સેવા આપતી વિશ્વની સૌથી મોટી સ્વૈચ્છીક સંસ્થા છે. શરૂઆતમા જ્યારે ૨૦૦૦ કેડેટ્સ હતા ત્યારે હવે ૧૩ લાખ કેડેટ્સ સુધી ની સફર કરતા આજે એન.સી.સી ૭૫ વર્ષ ઉજવી રહ્યુ છે જે દરેક માટે ખુબ જ ગૌરવની વાત છે. એનસીસી છેલ્લા ૭૫ વર્ષથી યુવાનોમાં આત્મ વિશ્વાસ અને વ્યક્તિત્વ વિકાસની સાથે તેમને ઉત્તમ નાગરીક બનાવવાનુ કાર્ય કરી રહી છે.

તેમણે અમૂલ ખાતે આ સાયકલ રેલીને આવકારવા અને સહકાર આપવા માટે આભાર વ્યક્ત કરતા અમૂલના એમ.ડી. શ્રી સોઢી પણ એકે એન.સી.સી કેડેટ રહી ચૂક્યા છે તે તમામ એન.સી.સી માટે ગર્વની વાત છે તેમ કહ્યુ હતુ. શ્રી રંજને સ્વતંત્રતાના એક જ વર્ષ પછી આણંદ મિલ્ક યુનિયન લિમિટેડના રૂપે અમૂલે આત્મનિર્ભરતાનુ શ્રેસ્ઠ ઉદાહરણ આપ્યુ છે. તેમણે મહાત્મા ગાંધીને યાદ કરતા દાંડી યાત્રાના અભૂતપુર્વ યોગદાન વિશે વાત કરી તેમણે અમૂલના સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડીરેકટર આર.એસ.સોઢી એ પણ પ્રાસંગિક ઉદબોધન કરતા અમૂલના નિર્માણ અને સરદાર વલ્લભભાઈ પટેલના અભૂતપૂર્વ યોગદાન અને દેશની સાથે અમૂલની વિકાસયાત્રા વિશે ચર્ચા કરી હતી. આત્મનિર્ભર ભારત સે સ્વાવલંબન કી ઓરના સૂત્રને સાકાર કરવા માટે અમૂલને આ મુહિમમા સહયોગી બનવાનો અવસર આપવા માટે આભાર વ્યક્ત કર્યો હતો તેમજ ૨૫ યુવક યુવતિઓને સાયકલ રેલી માટે શુભેચ્છા પાઠવી હતી. તેમણે એન.સી.સી. ની જેમ પઅમૂલ ૫ પણ ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. કોઈપણ રાષ્ટ્ર જનતાની મહેનત, ધૈર્ય, સુદ્રઢ આયોજન અને તે મુજબનુ અનુસરણ કરે તો ચોક્ક્સ સ્વાવલંબી બની શકે એમ કહી પોતાનાં એન.સી. સી.નાં સંસ્મરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે ગ્રુપ કમાંડર બ્રિગેડિયર આશિષ રંજન એ ડો.આર.એસ. સોઢી ને સ્મૃતિચિન્હ અર્પણ કર્યું હતુ.

# છેલ્લા ૩ વર્ષમાં બીઆરટીએસ૧ને રૂ.૨૬૫ કરોડની ખોટ,પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ફાયદો ન જોવાય : મેયર

## એએમટીએસના માથે મનપાના રૂપિયા ૩ હજાર ૬૭૩ કરોડની લોનનું દેવું છે

અમદાવાદ,તા.૮

અમદાવાદના લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમનો બહોળો ઉપયોગ કરી શકે તે માટે અમદાવાદમાં વર્ષ ૨૦૦૮માં બીઆરટીએસ બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જેમાં અત્યારે કરોડો રૂપિયાની ખોટ થઈ રહી છે. અમદાવાદના નાગરિકો ટ્રાફિકમાં ફસાયા વિના એક સ્થળેથી બીજા સ્થળે ઝડપી પહોંચી શકે તે માટે બીઆરટીએસ જનમાર્ગ સેવા શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮-૦૯માં શરૂ થયેલી આ બસ સેવા હવે તંત્ર માટે બોજો સાબિત થઈ છે. છેલ્લા ૩ વર્ષમાં બીઆરટીએસને રૂપિયા ૨૬૫ કરોડની ખોટ થઈ છે. બીઆરટીએસની સાથે અમદાવાદમાં એએમટીએસ બસ સેવા પણ ખોટમાં ચાલી રહી છે. ત્યારે ખાનગીકરણ થયું હોવાથી બીઆરટીએસ ખોટમાં જતી હોવાનો આક્ષેપ વિપક્ષે કર્યો છે. બીઆરટીએસ ખોટમાં ચાલવા મુદ્દે અમદાવાદ મહાનગરપાલિકાના વિપક્ષ ઉપનેતા નીરવ બક્ષીએ સત્તાપક્ષ પર આક્ષેપ કર્યા છે. તેમણે કહ્યું કે, 'ટ્રાસન્પોર્ટ સેવાનું ખાનગીકરણ કરી તંત્ર ખોટમાં આવ્યું છે.બીઆરટીએસખાનગી કોન્ટ્રાકટરોને સોંપતા જ મળતીયાઓ રૂપિયા કમાય છે.' વિપક્ષના આક્ષેપનો જવાબ આપતા અમદાવાદના મેયર કિરીટ પરમારે કહ્યું કે, 'ટ્રાન્સપોર્ટ સેવા જનતા માટે હોય છે અને તે ખોટ ખાઈને પણ ચાલવવી પડતી હોય છે. જનતા માટે શરૂ કરવામાં આવેલી સેવામાં નફા-નુકસાનનું જોવાનું હોય નહીં.'

ઉલ્લેખનીય છે કે, એએમટીએસના માથે મનપાના રૂપિયા ૩ હજાર ૬૭૩ કરોડની લોનનું દેવું છે, ત્યારે બીઆરટીએસ પણ હવે ખોટ કરતી થવાથી ટ્રાન્સપોર્ટેશન પર બોજો વધશે.બીઆરટીએસની ખોટ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ ૧૦૭ કરોડ થઈ ત્રણ વર્ષમાં કુલ રૂ.૨૬૫ કરોડ પર પહોંચી ગઈ છે. એક તરફ તંત્ર પાસે તિજોરીમાં રૂપિયા નથી અને બીજી તરફ ખાનગીકરણ કરાયેલ ટ્રાન્સપોર્ટ સેવા ખોટ પર ખોટ કરી રહી છે.

# આણંદઃ ખેતરમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર પોલીસની રેડ, ૧૪ લોકો ઝડપાયા

આણંદ,તા.૮

આણંદમાં દારૂની મહેફિલ ઝડપાઈ છે. આણંદના ઉમેટા ખાતે દારૂની મહેફિલ પર રેડ કરાઈ હતી. અહીં ખેતરમાં દારૂની મહેફિલ જામી હતી, જેની પર પોલીસે રેડ પાડી હતી. પોલીસે દારૂની મહેફિલ માણતા ૧૪ લોકોને ઝડપી પાડ્યા છે. પોલીસે મોડી રાત્રે રેડ પાડી ઝડપાયેલા ૧૪ લોકો સામે કાર્યવાહી હાથ ધરી છે.

આંકલાવ પોલીસ દ્વારા વધુ એક મહેફિલ પર રેડ પાડવામાં આવી છે. આંકલાવ પોલીસે મોડી રાત્રે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ઉમેટા ખાતેના એક ખેતરમાં રેડ કરી હતી. રેડ દરમિયાન દારૂની મહેફિલ માણતા ૧૪ લોકો ઝડપાયા હતા. જે બાદ પોલીસે પકડાયેલા લોકો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે, પોલીસ દ્વારા દારૂના વેચાણ અને દારૂ પાર્ટીઓ પર અવારનવાર તવાઈ બોલાવવામાં આવતી હોય છે, છતાં મોટા જથ્થામાં દારૂની હેરાફેરી અને મહેફિલો સામે આવતી હોય છે. બીજી બાજુ, અમદાવાદથી વડોદરા જતાં ટ્રકમાંથી દારુનો જથ્થો મળી આવ્યો છે. ટ્રકમાં ચેકિંગ કરતાં ગાડીમાંથી દવાની આડમાં દારુનો જથ્થો મળી આવ્યો છે. બાતમીના આધારે એક્સપ્રેસ હાઈવે પર ચેકિંગ કરતાં ટ્રકમાંથી ભારતીય બનાવટની કુલ ૪ લાખથી વધુની કિંમતની ૧૬૬૮ બોટલો જપ્ત કરી હતી. ઉપરાંત દવાના બોક્સ સહિત કુલ ૭૨ લાખનો મુદામાલ જપ્ત કરી, ટ્રક ચાલક તેમજ કન્ડકટરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અંબાજી રોપવે ૫ દિવસ બંધ રહેશે

અંબાજી,તા.૮

પ્રાપ્ત માહિતી અનુસાર, અંબાજી ગબ્બર રોપ વે આવતીકાલ ૯ જાન્યુઆરીથી બંધ રહેશે. ગબ્બર રોપ વે ૯ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરીના પાંચ દિવસ માટે બંધ રહશે. યાત્રિકો માટે ગબ્બર રોપવે બંધ રહેશે તેવુ મંદિર દ્વારા જણાવાયું છે. સાથે જ જણાવાયુ કે, રોપવેના મેન્ટનન્સને પગલે ગબ્બર રોપવે ૫ દિવસ બંધ રાખવામાં આવનાર છે. તારીખ ૯ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી પાંચ દિવસ રોપ વે બંધ રહેશે. જેના બાદ ૧૪ જાન્યુઆરી એટલે કે ઉત્તરાયણના દિવસથી રોપવે સેવા રાબેતા મુજબ શરૂ થશે. અંબાજી ગબ્બર રોપવે બંધ હોવા છતાં પગપાળા દર્શન ચાલુ રહેશે, જેથી જે ભક્તોને દર્શન કરવા હોય તેઓ પગપાળા ઉપર જઈ શકે છે. ગબ્બર ચાલતા જવાના ૯૯૯ પગથીયા છે અને ઉતરવાના ૭૬૫ પગથિયા છે. ગબ્બર અખંડ જ્યોતના દર્શન ભક્તો માટે ચાલુ રહેશે. રોપવે ભલે બંધ રહેશે, પણ ગબ્બરના તમામ દર્શન ખુલ્લા રહેશે. વર્ષમાં વાર્ષિક અને અર્ધ વાર્ષિક સમય પ્રમાણે યાત્રિકોની સલામતી માટે રોપ વેની મરામત થતી હોય છે.

# વડોદરા ઇન્ટરનેશનલ મેરેથોન : હર્ષ સંઘવીએ જન્મદિવસે જ ૫ કિ.મી. દોડમાં ભાગ લીધો, ૯૨ હજાર દોડવીર પથી ૪૨ કિમી દોડ્યા







વડોદરા,તા.૮

વડોદરા શહેરમાં આજે વહેલી સવારે ઈન્ટરનેશનલ મેરેથોનને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ફ્લેગ ઓફ કર્યું હતું. જેમાં પાંચ કિલોમીટરની મેરેથોનમાં હર્ષ સંઘવી પણ દોડ્યા હતા. વિવિધ કેટેગરીની મેરેથોનમાં કુલ ૯૨,૬૦૦ દોડવીરોએ ભાગ લીધો હતો. ૪૨ કિ.મીની કેટેગરીમાં ૧૮૮ દોડવીરો સામેલ થયા. જેમાં ચાર ઈન્ટરનેશનલ દોડવીરનો સમાવેશ થાય છે.


વડોદરા શહેરમાં દસમી વખત યોજાઈ રહેલ વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનનો આજે વહેલી સવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ફ્લેગ ઓફ કરી પ્રારંભ કરાવ્યો હતો. હર્ષ સંઘવીનો આજે જન્મદિવસ પણ છે અને તેઓ ૫ કિલોમીટરની મેરેથોનમાં દોડ્યા હતા. મેરેથોનમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે ૩૦૦ ટ્રાફિક જવાનો તૈનાત રહ્યા હતા.

મેરેથોનમાં ૯૨,૬૦૦ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે તે પૈકી ૪૨ કિલોમીટરની કેટેગરીમાં ૧૮૮, ૨૧ કિલોમીટરની કેટેગરીમાં ૧૭૦૦ અને ૧૦ કિલોમીટરની કેટેગરીમાં ૪૦૦૦ જેટલા દોડવીરો ભાગ લીધો. ત્રણ મુખ્ય કેટેગરીમાં ૫૭૦૦ જેટલા દોડવીરો ભાગ લીધો જયારે બાકીના દોડવીરો પાંચ કિલોમીટર કેટેગરીની મેરેથોનમાં ભાગ લીધો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, વડોદરાના શહેરીજનોનો મેરેથોન પ્રત્યેનો ઉત્સાહ અદમ્ય છે. શિયાળાની આવી ઠંડીમાં હુંફાળી પથારીમાંથી બહાર નીકળવાનું મન ના થાય એવા સમયે આટલી મોટી સંખ્યામાં લોકો મેરેથોનમાં ભાગ લઈ રહ્યા છે, તે વાત જ નાગરિકોની પોતાના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી પ્રત્યેની ખેવના દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી સ્વસ્થ ભારતની સંકલ્પના આવી મેરેથોન દ્વારા સાકાર થઈ રહી છે. તેમણે આ જ સ્વસ્થ ભારત ફિટ ઈન્ડિયા મુવમેન્ટ આવનારા દિવસોમાં ગુજરાત અને સમગ્ર દેશમાં વધુ વ્યાપક બનશે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. મેરેથોનમાં દિવ્યાંગોની દોડ પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# ગોધરાના વૃતાલય વિહારમ સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ યોજાયો



**ઉદય ગુજરાત.ગોધરા**

ગોધરા ખાતે વૃતાલય વિહારમ સ્વામિનારાયણ મંદિર ખાતે વડતાલ ગાદીના સમર્થ આચાર્ય પ.પૂ ૧૦૦૮ અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને ભાવિ આચાર્ય પ.પૂ ૧૦૮ નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આજ્ઞા અને આશીર્વાદથી ભવ્ય અને દિવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં વડતાલથી પ.પૂ૧૦૮ ધર્મકુળભુષણ પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ સંતો સહિત પધાર્યા હતા અને આશીર્વચનનો લાભ આપ્યો હતો અને જેમાં ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી કુલદીપસિંહ સોલંકી, શહેર પ્રમુખ દિલપભાઈ દસાડીયા, શહેર મંત્રી હિતેશ ભટ્ટ, સક્રિય સભ્ય મુન્નાભાઈ મહાજન અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાંથી રાજેશભાઈ જોશી, ધર્મેશભાઈ મહેતા, ઈમેશભાઈ પરીખ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને વિશેષમાં બપોર ૪ થી ૬ માં સ્ત્રી ભકતોને દર્શન અને આશીર્વચન આપવા માટે મહિલાના ગુરૂપદે બિરાજમાન પ.પૂઅ.સૌ માતૃશ્રી (ગાદીવાળા) પધાર્યા હતા અને મહિલા સભાનું પણ આયોજન થયું હતું. શાકોત્સવમાં ૬૦૦ કિલો રીંગણ, ૧૨૦ કિલો બાજરી લોટ, ૬૦ કિલો શુદ્ધ ઘી અને ૮૦ કિલો ચોખાની ખીચડી સહિત પ્રસાદ બનાવવામાં આવ્યો હતો આશરે ૩૦૦૦ થીવધુ ભકતોએ શાકોત્સવના દિવ્ય દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર મહોત્સવના યજમાન અ.ની જયંતીલાલ પૂંજાલાલ કાપડિયા, હેમંતભાઈ અને નિગમભાઈના પરિવાર હતા અને સમગ્ર આયોજન લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ ગોધરા દ્વારા કરવામાં આવેલ હતું

# છારીયા રાજઋષિ રિટ્રીટ સેન્ટરમાં વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રના મહાનુભાવોના સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો




**ઉદય ગુજરાત.ગોધરા**

બ્રહમાકુમારી તથા વ્યાપાર અને ઉદ્યોગ પ્રભાગ દ્વારા રાજઋષિ રિટ્રીટ સેન્ટર, છારીયા ખાતે વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રના મહાનુભાવોના સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માઉન્ટ આબુથી વિશેષ ઉપસ્થિત રહેલા રાજયોગીની બી.કે. ગીતાબેન દ્વારા મોટી સંખ્યામાં હાજર રહેલ વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રના મહાનુભાવોને વ્યાપારમાં સફળતા માટે વિશેષ પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના બ્રહમાકુમારીઝ સંસ્થાના મુખ્ય સંચાલિકા રાજયોગીની બી.કે. સુરેખાબેન, ભ્રાતા રાજુભાઈ, ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના બી.કે. રાજસિંહભાઈ, બી.કે. શૈલેષભાઈ તેમજ બી.કે. મીતાબેન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા

## રાજ્યની દરેક શાળામાં પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થઇ છે - શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર

# રાજ્યમાં ૧૫૦૦ શાળાઓમાં સ્કુલ ઓફ એક્સલેન્સનો પ્રારંભ કરાશે બેગલેસ એજ્યુકેશન અંતર્ગત ૪૯૧ શાળાઓમાં પાયલોટ પ્રોજેક્ટ




**ઉદય ગુજરાત.ગોધરા**

દાહોદની એન.ઈ.જીરૂવાલા પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કક્ષાનો વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનો આદિજાતિ વિકાસ, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પ્રારંભ કરાવ્યો હતો અને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ વિજેતા ૯૦ બાળ વૈજ્ઞાનિકોએ ૪૫ કૃતિની રજુઆત કરી હતી. તેમની સાથે તેમના માર્ગદર્શક શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શિક્ષણમંત્રી સહિતના મહાનુભાવો બાળ વૈજ્ઞાનીકોની કૃતિઓની રજૂઆતથી પ્રભાવિત થયા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રદર્શનનો મુખ્ય વિષય ટેકનોલોજી અને રમકડાં છે. શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું કે, રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ મળે એ માટે પ્રતિબદ્ધ છે. રાજ્યમાં દરેક શાળામાં પ્રાથમિક સુવિધાઓ મળી રહી છે. તેમજ તાજેતરમાં જ રાજયમાં શાળાઓમાં ૧૯ હજારથી પણ વધુ ઓરડાઓ માટેના ટેન્ડર અલોટમેન્ટની કામગીરી કરવામાં આવી છે. દરેક જિલ્લામાં ૧૦-૧૦ શાળાઓ આદર્શ બનાવાના લક્ષ સાથે રાજ્યમાં ૧૫૦૦ શાળાઓમાં સ્કુલ ઓફ એક્સલેન્સનો પ્રારંભ કરાશે. કોરોનાના સમય દરમિયાન પણ અમદાવાદથી બાયશેગના માધ્યમથી ૭ ચેનલો ઉપર શિક્ષણનું કાર્ય ચાલુ રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને થયેલો લર્નીંગ લોસ પણ શિક્ષકોએ ઉઘડતી શાળાએ પૂર્ણ કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવી શિક્ષણનીતિને હવે રાજ્યમાં સુપેરે લાગુ કરવામાં આવશે તેમ જણાવતા શિક્ષણમંત્રીએ કહ્યું કે, આ માટેના સઘન પ્રયાસો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કરાય રહ્યાં છે. જે અંતર્ગત પ્રધાનમંત્રીશ્રીના વિઝનને સાકાર કરવા વિદ્યાર્થીઓને ૧૦૦ કલાક માટે બેગલેસ શિક્ષણ આપવામાં આવશે. વિદ્યાર્થી એક વર્ષમાં ૧૦૦૦ જેટલા કલાકો શાળામાં વિતાવતો હોય છે. જેમાંથી ૧૦૦ કલાકો બેગલેસ શિક્ષણ અંતર્ગત તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ અને તેના છુપા કૌશલ્યને નિખરાવમાં લગાવાશે. આ માટે ૪૯૧ જેટલી શાળાઓની પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી કરાઈ છે. તેમજ આગામી તા. ૧૫ જુનથી બાલવાટીકા - પ્રીસ્કુલની પણ તમામ વ્યવસ્થાઓ શરૂ કરવામાં આવશે. દેશમાં વિદ્યા ક્ષેત્રે ભૂતકાળનો ભવ્ય ઈતિહાસની વાત જણાવતા તેમણે જણાવ્યું કે, દેશમાં નાલંદા, તક્ષશીલા, વલખી જેમ આંતરરાષ્ટ્રીય કક્ષાનો ગુરૂકુલ હતા. જેમાં લોકો દુનિયાભરમાંથી અભ્યાસ અર્થે આવતા. ભૂતકાળના આ ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં દેશ આગેકુચ કરી રહ્યો છે તેમ જણાવતા તેમણે શિક્ષક એ કર્મચારી નહીં પરંતુ સમાજનો-રાષ્ટ્રનો ઘડવૈયો છે એમ કહી શિક્ષકની ભૂમિકા વિશે જણાવ્યું હતું.

પ્રદર્શનનું તા. ૮ ના રોજ બપોરે ૨ કલાકે સમાપન સમારોહ યોજાશે. જીસીઈઆરટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ અને જિલ્લા શિક્ષણ સમિતિ, દાહોદ દ્વારા આ જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

## ગોધરામાં નવનિર્મિત લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલની કચેરીનું ઉદ્ઘાટન

**ઉદય ગુજરાત.ગોધરા**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના આદેશથી ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી દ્વારા લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ સ્કીમ (મોડીફાઈડ-૨૦૨૨) અંતર્ગત ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અરવિંદકુમાર તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના એકઝીકયુટીવ ચેરપર્સન સોનીયા ગોકાણી તથા પંચમહાલ જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ જે.સી. દોશીના સંપૂર્ણ માર્ગદર્શન તથા નેજા હેઠળ પંચમહાલ ગોધરા ખાતે સીવીલ કોર્ટ બીલ્ડીંગ, ત્રીજા માળે નવ નિર્મિત લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલની કચેરીનું ઉદ્ઘાટન ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અરવિંદકુમાર તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના એકઝીકયુટીવ ચેરપર્સન સોનીયા ગોકાણી દ્વારા વર્ચુઅલ ઈનોગ્રેશન કરવામાં આવેલ છે. જેમાં પંચમહાલ જિલ્લાના તમામ ન્યાયાધીશો/ મુખ્ય સરકારી વકીલ તથા અન્ય સરકારી વકીલો, ગોધરા બાર એસોશીએશનના પ્રમુખ તથા અન્ય હોદ્દેદારો તથા વકીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ૦૯ જાન્યુઆરીથી આ કચેરી કાર્યરત થશે તેમ સચિવશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરા-પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## છોટાઉદેપુર પંથકમાં આર્યુવેદિક વર્ધક વિટામીન-સી આપતા આમળાની માંગમાં વધારો..!!

**ઉદય ગુજરાત છોટાઉદેપુર**


છોટાઉદેપુર નગર એ મધ્યપ્રદેશની બોર્ડરને આવેલો વિસ્તાર છે, માંટે છોટાઉદેપુર તેમજ મધ્ય પ્રદેશ ના લીલાછમ જંગલો તેમજ ખેતરોમાં ઉત્પાદિત ચીજ વસ્તુઓ નો લ્હાવો આ વિસ્તાર ની પ્રજા ના ભાગ્ય માં હોઈ શિયાળા દરમિયાન ભરપુર આયુર્વેદિક ખજાનો આરોગવા આતુરતા થી રાહ જોવાઈ છે.

આમળા માં ભરપૂર વિટામીન સી હોવાથી તે શરીરની જરૂરિયાત મુજબનું વિટામિન સી આપતો હોવાથી નગરજનો દ્વારા બજારોમાં આમળાની ખરીદી કરવામાં આવી રહી છે. શિયાળાની ઋતુ એટલે કે ગમે તે પોશાક પેહરો તેમજ તંદુરસ્ત પાચક શક્તિ ના કારણે અનેક વાનગીઓ આરોગવાની ઋતુ ગણવામાં આવે છે. સામાન્ય રીતે વર્ષની ત્રણ મોસમ માં સૌથી સાનુકૂળ ગણાતી ઋતુ એટલે કે શિયાળાને ગણવામાં આવે છે. મોટાભાગે નાના મોટા કાર્યક્રમ ની પસંદગી પણ ડિસેમ્બર જાન્યુઆરીમાં કરવામાં આવે છે. શિયાળો આવે એટલે તેમાં ફળફળાદી ચીજ વસ્તુઓની સાથે હાલ નગરના બજારોમાં આર્યુવેદિકવર્ધક શરીર ને વિટામિન સી આપતા આમળા ની બોલબાલા થવા પામી છે. આધુનિક યુગની ઝડપી જીવનશૈલીમાં આરોગ્ય દિન પ્રતિદિન જોખમાતું જઈ રહ્યું છે, ત્યારે સામાન્ય માનવી ની શારીરિક તંદુરસ્તી તરફનું લક્ષ ધીરે ધીરે ખોરવાતું જોવા મળી રહ્યું છે. ત્યારે શરીરને શારીરિક તંદુરસ્તી જાળવી રાખવા માટે અનેક વિટામિન ની તાતી જરૂરિયાત ઊભી થાય છે. તેવામાં આજે પણ છોટાઉદેપુર નગરમાં શિયાળામાં મળતા ફળો જામફળ ખજૂર આમળા શિંગોડા જેવી અનેક સહિત શાકભાજી માં કંદમૂળ તરીકે મુળા ગાજર સકરીયા બટાકા સુરણ જેવી અનેક ચીજ વસ્તુઓ આયુર્વેદીક રીતે નગરજનો દ્વારા આરોગવાની પ્રથા અકબંધ છે.

## મહીસાગર જિલ્લા કોર્ટ લુણાવાડા ખાતે ડિસ્ટ્રિક્ટ જજના હસ્તે લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલ સિસ્ટમ કચેરી કાર્યરત

**ઉદય ગુજરાત.ગોધરા**

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રાજ્યના મહીસાગર સહિત ૧૮ જિલ્લાઓમાં લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલ સિસ્ટમ (કાનૂની સહાય સંરક્ષણ સલાહકાર સિસ્ટમ) ની કચેરીનું વર્ચ્યુઅલ રીતે ઉદઘાટન કરવામાં આવ્યું. જે અંતર્ગત મહીસાગર જીલ્લા ન્યાયાલય ખાતે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને ચેરમેન એચ એ દવે દ્વારા જિલ્લા સ્તરની લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલ સિસ્ટમ ની કચેરી કાર્યરત કરવામાં આવી જેમાં જિલ્લાના તમામ વરિષ્ઠ ન્યાયાધીશ તથા મહીસાગર જિલ્લા બાર એસોસિએશન પ્રમુખ એ કે પટેલ તથા બારના વરિષ્ઠ વકીલો પણ ઉપસ્થિત રહ્યા.




લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલમાં લીગલ એ ડિફેન્સ કાઉન્સિલ એસ એ પટેલ ડેપ્યુટી લીગલ એ ડિફેન્સ કાઉન્સેલ પી આર દવે તથા આસિસ્ટન્ટ લીગલ એડ કાઉન્સિલ જે એસ પંડ્યાની નિમણૂક કરવામાં આવી.

લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ સિસ્ટમએ પ્રવર્તમાન કાનૂની સહાયને બદલે ફોજદારી કેસોમાં જરૂરિયાતમંદ અરજદારોને સક્ષમ કાનૂની સહાય પૂરી પાડવા માટેની નવી રચના છે. વધુ વ્યાવસાયિક રીતે ગુણાત્મક કાનૂની સેવાઓ પૂરી પાડવા માટે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળે (નાલસાએ), લીગલ એઈડ ડિલિવરી આધારિત સ્કીમ એટલે કે લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ સિસ્ટમ તૈયાર કરી છે જેમાં સપોર્ટ સિસ્ટમ સાથે વકીલોની પૂર્ણ સમયની સંલગ્નતા સામેલ છે.

### લેણદારોને તબાહ કરી નાખે એવા વ્યાજખોરો સામે હાથ ધરાયેલા ઝૂંબેશમાં..

## એક મહિલા સમેત બે ઈસમોની ગેરકાયદે વ્યાજ વસુલાતની પઠાણી ઉઘરાણીઓમાં ધરપકડ કરી

**વ્યાજખોર ચહેરાઓ ક્યાંક ભૂગર્ભમાં તો લેણદારો લોક દરબારમાં ના પહોંચે આ માટે કાલાવાલાની ફીરાકોમા**

**ઉદય ગુજરાત.ગોધરા**

ગોધરા સમેત પંચમહાલ જિલ્લામાં ઉચાદરના વ્યાજો સાથે પઠાણી વસુલાતો કરીને લેણદારોની ઊંઘ હરામ કરી દેનારા ધમધમતા ગેરકાયદે વ્યાપાર સામે પંચમહાલ પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં વિશેષ ડ્રાઈવ ની ખબરો સાથે કેટલાક માથાભારે વ્યાજખોરો ક્યાંક અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે તો કેટલાક પઠાણી ઉઘરાણી કરનારા વ્યાજખોર ચહેરાઓ લેણદાર ચહેરાઓ તેઓના કાળા કરતુકો પોલીસ તંત્ર દ્વારા આયોજિત લોક દરબારમાં લઈને ના પહોંચે આ માટે કાલાવાલાઓ કરીને મુક્ત કરતા હવે વધારે વ્યાજ વસૂલ નહીં કરીએ અને જે કોરા ચેક પડાવ્યા હતા એ પૂનઃ પરત આપી દેવાની આજીજીઓ પણ શરૂ કર્યું હોવાની ચર્ચાઓ વ્યાજખોરોની આલમમાં શરૂ થવા પામી છે.!!

ગોધરા સહિત પંચમહાલ જિલ્લામાં વ્યાજના વિષચક્રમાં સપડાયેલા કેટલાક લોકો પાયમાલ થઈ ગયા અને વ્યાજખોરોએ ધાક ધમકી આપીને મિલકત પડાવીને કોરા ચેક ઉપર સહી કરાવી નિર્દોષ પ્રજાજનોને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે વ્યાજનું વિષચક્ર ઉભૂ કરનાર વ્યાજખોરો સામે પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા વ્યાજખોરોના વિષચક્ર ને નષ્ટ કરવા માટે એક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું જેના ભાગરૂપે ગોધરા શહેરના ગોકુલધામ સોસાયટી નારી કેન્દ્ર પાસે રહેતા એક ભાઈને ત્રણ જેટલા વ્યાજખોરો ઈસમોએ લાયસન્સ વગર ૧૦% લેખે રૂપિયા આપી અને કોરા ચેક લઈ બળજબરીપૂર્વક વ્યાજના વધુ નાણા વસૂલ કરવા માટે મકાનમાં તાળું મારી અને કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી વ્યાજ સહિત પુરા નાણા નહીં આપો. ત્યાં સુધી મકાનમાં પ્રવેશ કરવો નહિ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે વ્યાજના નાણાં ના વિષચક્રથી કંટાળી ગયેલા ભાઈએ ગોધરા શહેરના એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ગોધરા શહેરના ગોકુલધામ સોસાયટી નારે કેન્દ્ર પાસે રહેતા મિહિરકુમાર ભરતભાઈ રાણા પોતાની પોલીસ ફરિયાદમાં જણાવેલ કે મનોજભાઈ હસમુખભાઈ રાણા રહે. વિવેકાનંદ સોસાયટી નારી કેન્દ્ર પાસે ગોધરા નાએ વગર લાયસન્સે મને માસિક ૧૦% લેખે ₹૧,૨૦,૦૦૦ આપ્યા હતા અને સિક્યુરિટી પેટે મારી પાસેથી કોરા ચેક લઈ ગયા હતા.જ્યારે દિનેશભાઈ કાળુભાઈ દંતાણી રહે. અલંકાર સોસાયટી પથ્થર તલાવડી ગોધરાના એ ૭૦,૦૦૦ નાણા આપ્યા હતા અને સિક્યુરિટી પેટે કોરા ચેક લઈ અને બળજબરીપૂર્વક વ્યાજ સહિત નાણા વસૂલ કરી. વધારાના પાંચ લાખ નહીં આપો તો જાનથી મારી નાખવાની ધમકી આપી મારા મકાનમાં તાળું મારી મકાનમાં પ્રવેશ નહીં કરવા માટે કહ્યું હતું. અને ધાક ધમકી આપી વધારાના રૂપિયા ૧૦,૦૦૦ લીધા બાદ પૂરા પાંચ લાખ સહિત વ્યાજના નાણાં આપીશ તો જ મકાનનું તાળું ખોલીશ એમ કહ્યું હતું અને અમુતા દિનેશભાઈ દંતાણી રહે. અલંકાર સોસાયટી પથ્થર તલાવડી ના એ વધારાના નાણા પડાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી મિહિરકુમાર ભરતભાઈ રાણાએ ગોધરા એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી

## ગોધરાના દર્દીનું વડોદરાના ડોકટરની બેદરકારીથી મોત નીપજાવાના કેસમાં વારસદાર પત્નીને ૮.૫૮ લાખ વળતર આપવાનો હુકમ કરતી ગ્રાહક તકરાર કોર્ટ

**ઉદય ગુજરાત.ગોધરા**

ગોધરામાં પોલીસ ચોકી નંબર-૫ સામે રહેતા નિર્મલાબેન તુલસીદાસ બ્રહ્મસત્રીય નાઓએ વડોદરાની ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં એવી ફરિયાદ કરેલી હતી કે સામાવાળા ડોક્ટર હિમાંશુ બી.પટેલ વડોદરામાં ઈલોરા પાર્કમાં બરોડા ગેસ્ટ્રો કલીનીક નામથી હોસ્પિટલ ચલાવે છે. અરજદાના પતિ તુલસીદાસ નાન્જીમાલ બ્રહ્મશત્રીયને પેટમાં ખુબજ એસીડીટી અને બળતરા થતી હોવાથીતેઓસામાવાળા ડોક્ટરના હોસ્પીટલમાં તપાસ કરાવવા ગયેલ ત્યારે આ ડોક્ટરે કહેલ કે તુલસીદાસની અન્ન નળી સાંકળી થઈ ગયેલ છે. તેથી અન્ન નળીમાં બલુન નાખીને ફોળીને સારવાર કરવી પડશે. તેનાથી અન્ન નળી ખુલી જશે અને તકલીફ મટી જશે. અને તે સારવારની રૂપિયા ૧૬૦૦૦ ફી જણાવેલી. તેથી અરજદારે આ ડોક્ટર ઉપર વિસ્વાસ અને ભરોશો કરીને તા.૧૨.૨.૧૫ના રોજ તુસીદાસની સારવાર માટે લઈ ગયેલ ત્યાં ડોકટરે સવારના ૧૦ વાગે તેના મેડીકલ સાધનોથી દૂરબીનથી તુલસીદાસની અન્ન નળીમાં બલુન નાખીને ફોડેલ અને ઓપરેશન કરીને માત્ર બે કલાકમાં દર્દીને ઘરે લઈ જવા રજા આપતા અરજદાર તુલસીદાસને વડોદરામાં જ રહેતી દીકરીના ઘરે લઈ ગયેલ. એકાદ કલાક બાદ તુલસીદાસને પેટમાં ખુબજ દુખાવો શરુ થતા પેટ મોટું થતા અરજદારે ડોક્ટરને પેટ મોટું થવાની અને પેટમાં દુખાવો થવાની ફોન પર જાણ કરતા ડોકટરે કહેલ કે ઓપરેશન કરેલ છે એટલે થોડુક દુખશે મેં જે દવાઓ આપી છે તે ચાલુ રાખો.ત્યારબાદ તુલસીદાસની હાલત વધારે બગળતા ડોક્ટરને ફોન કરતા હતા તેમ છતાં ડોકટરે ફોન લીધેલ નહિ અને ૮ કલાક પછી તુલસીદાસ બેભાન થતા રાત્રે ૮ વાગે ડોકટરે ફોન લીધેલ અને દર્દીને તાત્કાલિક હોસ્પીટલમાં લાવવા કહેલ અને ફરીથી નવા ટેસ્ટ અને સોનોગ્રાફી કરાવેલ તેમાં ખબર પડેલી કે તુલસીદાસની અન્ન નળીમાં બલુન ફોડવાના કારણે અન્ન નળી ફાટી ગયેલ છે અને પેટમાંલોહી ટપકવાથી શરીરમાં ઝેર ફેલાઈ ગયેલ છે તેથી દર્દી બેભાન થયાછે. તાત્કાલિક પેટ કાપીને મોટો ઓપરેશન કરવું પડશે. પરંતુ તુલસીદાસનું શરીરમાં ઝેર ફેલાવવાન કારણે બ્લડ પ્રેસર ખુબજ નીચું થયુ હતું તેથી આવી પરિસ્થતિમાં ઓપરેશન કરી શકાય તેમ ન હતું અને ડોકટરે દર્દીને વધુ સારવાર માટે એસએસજી હોસ્પીટલમાં લઈ જવાનું કહેતા તાત્કાલિક તુલસીદાસને એસએસજી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા પરંતુ ઝેર ફેલાવના કારણે જરૂરી બ્લડ પ્રેસર ન હવાથી ત્યાં પણ ઓપરેશન થઈ શકેલ નહિ અને આખરે બીજા દિવસે સવારના ૬ કલાકે તુલસીદાસનું મોત થયુ. તેથી પોતાના પતિનું મોત ડોક્ટર હિમાંશુ બી.પટેલની બેદરકારીના કારણે થયેલ હોવાથી અરજદાર નીર્માલાબેને વડોદરાની ગ્રાહક તકરાર ફોરમમાં વળતર મેળવવાની અરજી કરી હતી . અરજી કોર્ટમાં ચાલતા અરજદાર તરફે એડવોકેટ અશોક એ. સામતાણીની દલીલો અને રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લઈને ગ્રાહક તકરાર ફોરમના જજ એન.પી.સૈયદએ ડોક્ટરને દર્દીનું મોત નીપજાવવાના કસુરવાર માનીને અરજદારને અરજી દાખલ તારીખ ૧૫.૫.૧૫ થી રૂપિયા ૮ લાખ ૫૮ હજાર ૫૦૦ વાર્ષિક ૮%નાવ્યાજ તથા માનશીક ત્રાસ અને ખર્ચ સહીતની રકમ ચૂકવી આપવાનું દાખલો બેસાડતો ચુકાદો જાહેર કરેલ છે.

Printed, published and owner by Talati Ramesh Nanjibhai and Printed at Udays Printing Press, Plot No.206/1, G.I.D.C. Godhra panchmahal and published at Uday Gujarat, Plot No.206/1, G.I.D.C. Godhra-389001(PMS) Gujarat,
* Editor : Shah Sumesh Shirishkumar (*Responsible for selection of news under PRB Act.)

## સ્ટેટ મોનિટેન સેલનો બુટલેગર જોડી પરેશ ચૌહાણ ઉર્ફે ચકો અને કમલેશ મુનિયાના ગેરકાયદેના વ્યાપાર ઉપર સપાટો

# લીમડી પોલીસની હદમાંથી દારૂ જપ્ત : ચકા અને કમલેશના દારૂના ધમધમતા વ્યાપારના વટાણાઓ વેરાતા બુટલેગર આલમ સ્તબ્ધ

**ઉદય ગુજરાત ઈમ્પેક્ટ**

**ઉદય ગુજરાત.ગોધરા**

ગુજરાતના પ્રવેશદ્વાર કહેવાતા દાહોદ જિલ્લાના પડોશી રાજ્યોની સરહદો ઉપરથી ગુજરાતમાં વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવાના વડોદરાના પરેશ ચૌહાણ ઉર્ફે ચકો અને દાહોદના કમલેશ મુનિયા ની જોડી મધ્ય ગુજરાતમાં વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવામાં માહિર હોવાના ૨૦૨૩ના નવા વર્ષના પ્રારંભમાં **ઉદય ગુજરાત** માં અહેવાલ પ્રસિદ્ધ થયો હતો.!! ગુજરાતમાં ચુસ્ત દારૂબંધીના અમલને પડકાર ફેંકીને દાહોદ જિલ્લાના સરહદી માર્ગો ઉપરથી ગુજરાતમાં ઉતરાયણ પર્વ પહેલા વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવામા આ બે કુખ્યાત બુટલેગરો પરેશ ચૌહાણ ઉર્ફે ચકો અને કમલેશ મુનિયાના ધમધમતા ગેરકાયદે વ્યાપાર સામે ગત મોડી રાત્રે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ આર. જી. ખાંટની ટીમે ઝાલોદ તાલુકાના ચાકલીયા થી લીંબડી તરફ જતા અંતરીયાળ રોડ ઉપર નાકાબંધી કરીને બે વૈભવી કારોમાંથી અંદાઝે ૬ લાખ રૂપિયાની કિંમતના વિદેશી શરાબ અને બિયરની ૫૮૨૦ બોટલોના જંગી જથ્થા સાથે ૧૧.૧૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને સપાટો બોલાવતા દાહોદ જિલ્લા પોલીસ તંત્ર પણ સ્તબ્ધતાઓ સાથે દોડતું થયું હતું.

## ઉદય ગુજરાત દ્વારા ગત તા. ૨ તથા ૭ જાન્યુઆરીએ બુલટલેગરના નામ સાથે અહેવાલ પ્રસિદ્ધ કરાયા હતા





## લીમડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં દાહોદના અલ્કેશ બાકલીયા બુટલેગરોના મોટા શેઠની ભૂમિકામાં...

ગુજરાતમાં વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવા માટે દાહોદ જિલ્લાના અંતરિયાળ માર્ગો જાણે કે બુટલેગરો માટે રેડ કાર્પેટ જેવા હોવાના ચકા અને કમલેશ ની જોડીના શરાબનો ધમધમતો ગેરકાયદે વ્યાપાર ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના સપાટામાં આવી જતા દાહોદ જિલ્લાના લીમડી પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદમાં દાહોદનો અલ્કેશ બાકલીયા પોતાના અંગત માણસોના નામે પડોશી રાજ્યોની સરહદો ના ગામોમાં શરાબના ઠેકાઓ રાખીને બુટલેગરોમાં મોટા શેઠ તરીકે વડોદરાના કુખ્યાત બુટલેગર પરેશ ઉર્ફે ચકાજી ચૌહાણ અને દાહોદના કમલેશ મુનિયા ની ભાગીદાર જોડીના વાહનોમાં વિદેશી શરાબના જંગી જથ્થો ભરીને બાલવાસા ગામ પાસેની એક હોટલ પાસે આ વાહનો ને મૂક્યા બાદ ટેલીફોનિક સૂચનાઓના આધારે વિશ્વાસુ ડ્રાઈવરો આ વાહનો દાહોદ જિલ્લામાં પ્રવેશ કરીને સળસડાટ પસાર થતા અને પરેશ ચૌહાણ ઉર્ફે ચકો અને કમલેશ મુનિયા અન્ય કાળા કલરની વૈભવી હેરીયર ગાડીમાં પાયલોટિંગ કરતા હોવાની ચોકાવનારી વિગતો સામેલ છે. એમાં આરોપીઓ તરીકે (૧) ચેતન દેવેન્દ્ર જાદવ રહે રાજગઢ ગામ (૨) ઈમરાન ખાનજુમ્મા ખાન રહે રાજગઢ ગામ (૩) પરેશ ઉર્ફે ચકાજી ચૌહાણ રહે વડોદરા (૪) કમલેશ મુનિયા રહે દાહોદ (૫) અલ્કેશ બાકલીયા રહે દાહોદ (૬) બે મોબાઈલ નંબરો ૯૫૯૪૨૧૮૩૯૨ તથા ૯૩૦૩૧૨૯૧૮૪ ના ધારકો કે જેવો શરાબ ભરેલ ગાડીઓના ડ્રાઈવરોનો સંપર્ક કરીને ક્યાં આપવાની સૂચનાઓ આપનારા (૭) દારૂના ધંધાનો હિસાબ કિતાબ રાખનાર લીમડીના વિજય ઉર્ફે ભૂરો તથા (૮) મધ્યપ્રદેશના વઠા ઠેકા નો માલિક તથા મેનેજર નો સમાવેશ કરવામાં આવ્યો છે.!!

## ડ્રાઈવર ના મોબાઈલ ફોનમાં શરાબની ડિલિવરી કરેલ તસ્વીરો પણ સ્ટેટ મોનિટરિંગ સેલે કબ્જે કરી.!!

સ્ટેટ મોનિટરિંગ સેલના સંકજામાં આવી ગયેલા બે ડ્રાઈવરો એ તેઓ બુટલેગર શેઠ પરેશ ચૌહાણ ઉર્ફે ચકા અને કમલેશ મુનિયા ની જોડી માટે અગાઉ પણ ગુજરાતમાં સૂચનાઓ પ્રમાણે વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવાની ખેપો મારીને ડીલીવરી આપી હોવાની કબુલાતો સાથે જ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આ દિશાઓમાં તપાસો શરૂ કરી દીધી છે એમાં ઈમરાનખાન જુમ્માખાન શરાબ ભરેલ ગાડી ગોધરા બાયપાસ ચોકડી પાસે કોઈકને આપવાની હોવાની કરેલ કબુલાતમાં આ પાર્ટીનું નામ લાલાભાઇ પી થી એના મોબાઈલમાં સેવ કર્યો હોવાનું જણાવ્યું છે. એમાં ઘણી વખત ૯૩૦૩૧૨૯૧૮૪ ના મોબાઈલ ફોન નંબર કે જે. બી .લાલા ના નામથી સેવ કર્યો છે એની સૂચના ના આધારે ઘણી વખત શરાબનો જંગી જથ્થો આપ્યો હોવાની કબુલાતમાં જે સ્થળે ડિલિવરી કરી હતી એ સ્થળનો પુરાવા તરીકે મોબાઈલમાં પાડેલ ફોટા ને પણ સ્ટેટ મોનિટરીગ સેલે કબ્જે કરીને અનામી બુટલેગર ચહેરાઓ સુધી પહોંચવાની કવાયતો જે પ્રમાણે શરૂ કરી છે એ જોતા બુટલેગરોની અંધારી આલમમાં ભૂકંપ સર્જાયો હોવાનો માહોલ છે.




મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદોને અડીને આવેલા દાહોદ જિલ્લાના અંતરિયાળ માર્ગો ઉપરથી ચુસ્ત દારૂબંધી એવા ગુજરાતમાં વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવા માટે વડોદરા ના કુખ્યાત બુટલેગર પરેશ ઉર્ફે ચકાજી ચૌહાણ અને દાહોદ ના કમલેશ મુનિયા ની જોડીના વિદેશી શરાબનો જથ્થો ભરેલા વાહનો સડસડાટ પસાર થતા હોવાની ગુપ્ત બાતમીઓ ના આધારે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના કાફલાએ ગત મોડી રાત્રે સ્થાનિક પોલીસ તંત્રને ગંધ સુધ્ધાના આવે એ પ્રમાણે ઝાલોદ તાલુકાના ચાકલિયા રોડ થી લીંબડી તરફ જતા રસ્તા રોડ ઉપર ટાંકી ગામ પાસે વ્યૂહાત્મક નાકાબંધી કરી હતી. એમાં મારુતિ સુઝુકી ઈકો ગાડી નં જી.જે.૦૬ પી.જે. ૩૪૯૩ અને હોન્ડા જાઝ ગાડીને જી.જે.૧૬ સી.બી.૭૨૬૩ માંથી વિદેશી શરાબની વિવિધ બ્રાન્ડની બોટલો અને બિયરના ટીનો એમ કુલ ૫૮૨૦ બોટલોના જંગી જથ્થા સાથે વૈભવી કારના ચાલકો મધ્યપ્રદેશના સરદારપુરા તાલુકાના રાજગઢ ગામના ચેતન દેવેન્દ્ર જાદવ અને ઈમરાન જુમ્માખાનને ઝડપી પાડ્યા હતા. એમાં સ્ટેટ મોનિટરિંગ સેલના સંકજામા આવી ગયેલા આ બંને ગાડીઓના ભાડૂતી ડ્રાઈવરોએ ગુજરાતમાં વિદેશી શરાબનો જંગી જથ્થો ઘુસાડવાના પરેશ ચૌહાણ ઉર્ફે ચકો અને કમલેશ મુનિયા ના કાળા કરતુંકો ના ચોકવનારા કારોબારના વટાણાઓ વેરી દેતી ફરિયાદ ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ ભરવાડે લીમડી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા બુટલેગરોની અંધારી આલમમાં નાશભાગ પ્રસરી જવા પામી છે.

# ગોધરાની એ ગ્રીન ઝોનની બીન ખેતીની જમીનોમાં ફાર્મ હાઉસના બદલે રહેણાંક પ્લોટોના બારોબારના સોદાઓ સામે તંત્ર પણ બિન્દાસ્ત...!!

## મહેસુલી તંત્રના નિયમો કે કાયદાઓ વગદાર ચહેરાઓ માટે અપાવાદરૂપ છે કે શુ.?!

**ઉદય ગુજરાત.ગોધરા**

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં એ ગ્રીન ઝોનમાં ફાર્મ હાઉસના હેતુઓ માટે બિન ખેતી કરવવામા આવેલ એ જમીનના કેટલાક વગદાર ચહેરાઓને જાણે કે મહેસુલી તંત્રના કાયદાઓ કે નિયમોના ઉલ્લંઘન કરવાનો શોખ હોવાની વ્યાપારી વૃત્તિઓમાં આ ગ્રીન ઝોન ની બીન ખેતીની જમીનોમાં બારોબાર રહેણાંક હેતુઓ માટેના પ્લોટો ના શરૂ થયેલા વેચાણ-દસ્તાવેજો સામે પંચમહાલ કલેક્ટરાય કચેરી મા લેખિત રજૂઆત બહાપુરા ખાતે રહેતા જાગૃત અરજદાર મનોજ પઢિયાર દ્વારા કરવામાં આવી છે. પરંતુ અધિકૃત નકશાઓ વગર સોદાગર ચહેરાઓ દ્વારા પોતાના મનસ્વી પ્લોટીંગ ના આધારે મકાન બનાવવા ઈચ્છુક ગ્રાહકોને પ્લોટોના વેચાણ દસ્તાવેજો કરાવી આપ્યા બાદ વહીવટી તંત્ર નો વહીવટ તેઓના ઈશારે ચાલતો હોય એમ સીટી સર્વે કચેરીમાં નોંધ મંજૂર કરાવી આપી અને આકારણી પણ થઈ જશે ના પ્રલોભનોમાં બાંધકામો શરૂ થઈ ગયા છે પરંતુ ગોધરા સ્થિત સંલગ્ન વહીવટી સત્તાધીશોને એ વ્યાપારી ચહેરાઓના કારનામાઓ સામે તપાસો શરૂ કરવાનો મૂડ હોય એવું સહેજ પણ દેખાતું નથી અને વધુ ગ્રાહકો છેતરપિંડીના સકંજામાં ફસાઈ રહ્યા છે.

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારના અલી મસ્જીદ રોડ વિસ્તારમાં કેટલીક ગ્રીન ઝોનની ફાર્મ હાઉસના હેતુઓ માટે બિન ખેતી કરવામાં આવેલ જમીનોના મંજુર થયેલા નકશાઓથી તદ્દન વિપરીત રહેણાંક હેતુઓના પ્લોટોના બારોબાર નકશાઓ બનાવીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાના બિલ્ડરોના ચોંકાવનારા ખેલો સામે બહારપુરાના એક જાગૃત અરજદાર દ્વારા પુનઃ પંચમહાલ કલેકટર સમક્ષ લેખિતમાં રજૂઆત કરીને ભેજાબાજ બિલ્ડર ચહેરાઓના વ્યાપાર સામે કાયદેસર તપાસ હાથ ધરવાની માંગ કરી છે.

શહેરના પશ્ચિમ વિસ્તારના અલી મસ્જીદ રોડ પાસે ગ્રીન ઝોનમાં આવેલ ખેતીની જમીનોને ફાર્મ હાઉસના હેતુઓ માટે બિન ખેતી કરાવ્યા બાદ આ બિન ખેતી જમીનોના ફાર્મ હાઉસ માટે મંજુર કરવામાં આવેલા નકશાઓથી તદ્દન વિપરીત કેટલાંક બિલ્ડર ચહેરાઓ દ્વારા રહેણાંક હેતુઓ માટેના પ્લોટોના બારોબાર નકશાઓ તૈયાર કરીને શરૂ કરેલા આ વ્યાપારમાં પ્લોટોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરી આપીને સીટી સર્વે કચેરીમાં નોંધો પણ મંજુર કરાવી આપવાના વહીવટી તંત્રના પ્રભાવ હોવાના આ ચોંકાવનારા ખેલોમાં એક ઘર બાંધવા માટેની ઈચ્છા ધરાવતા ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાના બિલ્ડર ચહેરાઓના આ અટકી ગયેલા ખેલો પુનઃ પુરઝડપે શરૂ થતાં બહારપુરાના એક જાગૃત અરજદાર દ્વારા ગ્રીન ઝોનમાં બિન ખેતીના નિયમોનો ખુલ્લેઆમ શરત ભંગ કરવાના એ બિલ્ડરોના શોખ સામે પંચમહાલ કલેક્ટર દ્વારા કાયદેસર તપાસો હાથ ધરવામાં આવે એવી વધુ એક લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.


## નિર્દોષ ઉત્સવ પ્રેમીઓ માટે પ્રાણ ઘાતક અને પક્ષીઓના પ્રાણ હરી લેનાર

# પંચમહાલ પોલીસ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૨૬૧ રિલોના જથ્થા સાથે ૪ ની અટકાયત

## ચાઈનીઝ દોરીના વેચાણ ઉપર કાયદો સખ્ત બને એવી પ્રજાજનોની લાગણીઓ..

**ઉદય ગુજરાત.ગોધરા**

ઉતરાયણ પર્વ ના ઉલ્લાસ ભર્યા અવકાશી નજારાઓ માં નિર્દોષ ઉત્સવ પ્રેમીઓ માટે પ્રાણ ઘાતક એવી ચાઈનીઝ દોરી ના વેચાણ અને ઉપયોગ ઉપર પ્રતિબંધિત ના જાહેરનામાની ઐસીતૈસી કરનારાઓ સામે પંચમહાલ પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ ઝુંબેશમાં અલગ -અલગ




સ્થળોએથી ચાઈનીઝ દોરીની ૨૬૧ રિલો સાથે ૪ વ્યક્તિઓની પોલીસ તંત્રએ જાહેરનામા ભંગ હેઠળ ધરપકડ કરી હતી પરંતુ નિર્દોષ ઈસમો માટે પ્રાણઘાતક એવી ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગ માટે જાહેરનામા ભંગની કલમ ૧૮૮ ની સાથોસાથ કાયદાની ગંભીર કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી એવી ઉત્સવ પ્રેમીઓની લાગણીઓ છે. એટલા માટે કે ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગના પગલે નિર્દોષ પક્ષીઓ અને વ્યક્તિઓને ગંભીર જીવલેણ ઈજાઓ અને ક્યાંક કરુણ મોત થાય તો આ માટે જવાબદાર કોણે ગણવા.?!! ગોધરા એલસીબી પીઆઈ સહિત એલસીબી ટીમ દ્વારા ગોધરા શહેર સહિત જિલ્લામાં અલગ અલગ વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ફીરકાઓ સહિત ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમોને ઝડપી પાડવા ચક્રોગતિમાંન હાથ ધરેલ છે જેમાં ગોધરા શહેરના મોદીની વાડી નં-૨ તેમજ વેજલપુર તાલુકાના રીંછીયા ગામે તેમજ ગોધરા તાલુકાના કંકુથાંભલા ગામેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રીલ નંગ ૨૬૧ સહીત ૫૦,૮૦૦ ના મુદ્દામાલ સાથે ચાર ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા ચાઈનીઝ દોરી તેમજ તુકકલનું પ્રતિબંધિત વેચાણકર્તા ઈસમો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા માટે એલસીબી શાખા ના પીઆઈ એન એલ દેસાઈને સૂચનાઓ આપવામાં આવી હતી જે સૂચના ના આધારે એલસીબી પી.એસ.આઇ ડો એમ એમ ઠાકોર તથા એસ આર શર્મા સહિત એલસીબી ની ટીમ ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન પીએસઆઇ એસ આર શર્માને ખાનગીરહે બાતમી મળી હતી કે હર્ષિલ પિયુષભાઈ પટેલ અને રવિ મનસુખભાઈ રાણા તથા માધવ પૂર્વજભાઈ પટેલ આ તમામ રહે મોદીની વાડી નં ૨ માં ભેગા મળી ચાઈનીઝ દોરી નો જથ્થો લાવી હર્ષિલ પિયુષભાઈ પટેલ ના ઘરે સંતાડી રાખી વેચાણ કરી રહ્યા છે. જ્યારે સંજયસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ રહે કાલોલ તાલુકાના રીછીયા ગામે તેમજ કંકુથાંભલા ચોકડી ઉપર ઘનશ્યામ પ્રોવીઝન સ્ટોર ખાતે અને કલ્પેશ કુમાર છત્રસિંહ પટેલ રહે .મોર ડુંગરા મંદિર ફળિયા તા. ગોધરાના ચાઈનીઝ દોરી રાખી વેચાણ કરી રહ્યાની બાતમી ના આધારે ચાઈનીઝ દોરી રીલો નંગ -૨૬૧ સાથે ૫૦૮૦૦ના મુદ્દામાલ સાથે ચાર ઈસમોની અટકાયત કરી હતી.

# ગોધરામાં મહિલાઓ માટે પાંચ કિલોમીટર ફન રન યોજાયેલ મેરેથોનમા ૨૦૦થી વધુ મહિલાઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો




**ઉદય ગુજરાત.ગોધરા**

ગોધરાના સર્કિટ હાઉસ થી શરૂ કરીને બમરોલી રોડ બાયપાસ ખાતે આવેલ સાંદિપની સ્કૂલ સુધી ફક્ત મહિલાઓ માટે પાંચ કિ.મી ફન રન મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૫ થી વધુ મહિલાઓએ આ મેરેથોન દોડમાં ભાગ લીધો હતો

ગોધરા ખાતે ફક્ત મહિલાઓ માટે પાંચ કિલોમીટર ફન રન મેરેથોન નું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાની જાતને પોતાના સ્વાસ્થ્યને પોતાની ફિટનેસ ને પ્રાયોરીટી આપતી થાય સ્ત્રીઓ તે બાબતની જાગૃતિ માટે આ દોડંમા લગભગ ૨૦૫ મહિલાઓએ તેમાં ભાગ લીધો હતો ગોધરા સર્કિટ હાઉસથી શરૂ કરીને બાયપાસ બામરોલી સાંદિપની સ્કૂલ ખાતે આ દોડનું સમાપન થયું હતું

putyourselfFirst સ્લોગન સાથે માર્વેલર્સ મિસ એન્ડ મિસિસ ગોધરાના બેનર હેઠળ આ દોડનું આયોજન થયું હતું ગોધરાની અગ્રણી લેડીઝ દ્વારા આ દોડનું ફ્લેગ ઓફ કરાયું હતું અંતમાં સમાપન વિધિ સમયે પંચામૃત ડેરીના અધિકારીઓ લારા હોસ્પિટલ ના ડોક્ટર સુજાત વલી સાંદિપની સ્કૂલના ટ્રસ્ટ દિલીપભાઈ પટેલભાગ્યોદય હોસ્પિટલ ના ડોક્ટર જશવંત પરમાર વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા આ દોડના આયોજકો ડોક્ટર નિકિતા શાહ તથા મિસિસ ચંદા બાલવાણી હતા પોતાના માટે સ્પેશિયલી થયેલા આ પ્રોગ્રામથી લેડીઝમાં ખૂબ જ ઉત્સાહની લાગણી જોવા મળી હતી . શરૂઆતમાં વોમ અપ અને ઝુંબા ડાન્સ જેવી એકિટવિટી અને અંતમાં સ્ટ્રેચિંગ યોગા અને પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુશન દ્વારા આ પ્રોગ્રામનું સમાપન કરાયુ હતુ.